શ્રી.

બાળ ગીત પોથી.

૧. ઈશ્વર સ્તુતિ. *

૧ ચિતે ઇશ્વર ગુણ ગાઇએ, પ્રભુનું નામ રૂડું મુખથી લઇએ,
લઇએરે, લઇએરે,— એકરે ચિતે ઈશ્વિર ગુણ ગાઇએ.
સકળ સૃષ્ટિનો એ કર્ત્તા કહીએ, નથી એની કૃતિમાં ભુલચુક કંઇએ,
કંઇએરે, કંઇએરે,— એકરે ચિતે ઇશ્વર ગુણ ગાઇએ.
બાળક અમે અજ્ઞાન કહેવાઇએ, માટે દયા પ્રભુ અમપર જોઇએ,
જોઇએરે, જોઇએરે,— એકરે ચિતે ઈશ્વિર ગુણ ગાઇએ.
સદાચરણે તારી કૃપાથી રહીએ, જેથી કરી દુઃખ દૃષ્ટે ન લહીએ,
લહીએરે, લહીએરે,— એકરે ચિતે ઇશ્વર ગુણ ગાઇએ.
રંક બાળક અમે સ્તુતિરે કરીએ, સ્તુતિ કરીને રાજીરે થઇએ,
થઇએરે, થઇએરે— એકરે ચિતે ઇશ્વર ગુણ ગાઇએ.

૨.

આ ભવનિધિ પાર ઈશ તારે તું
તારે તો તારે તો તારે તો તું. આ ભવનિધિ૦ ૧
બાળક સૌ અમે પામર પ્રાણી,
તેથી દયા દિલ ધારે તો તું. આ ભવનિધિ૦ ૨
કુટિલ કુમતિ થકી કચરાઇએ,
સુમતિ ધરાવિને સુધારે તો તું. આ ભવનિધિ૦ ૩

---

* બે હાથ જોડી ઉર્ધ્વ દૃષ્ટિ કરી બાળકો બોલે એમ કરવું.

ભાવેથી ભક્તિ કરે જન જેવી,
તેનાં તેવાં ફલ સારે તો તું. આ ભવનિધિ૦ ૪

૩. કુદરત વિષે.

મંદવાયુની લહેરો આવે—એ રાગ.

તુજ કુદરત કીરત ન્યારી,
કીરત ન્યારી કીરત ન્યારી. તુજ કુદરત કીરત ન્યારી. ટેક૦
આ અવની બની રંગ બેરંગી
વન જંગલ વિસ્તારી. તુજ કુદરત કીરત ન્યારી૦ ૧
પ્હાડ અને પર્વત સરિતાઓ,
રણભૂમિ ભયકારી. તુજ કુદરત કીરત ન્યારી૦ ૨
ઝાડ પાન ફલ ફુલ હું જોઉં,
અદ્‌ભુત શક્તિ અપારી. તુજ કુદરત કીરત ન્યારી૦ ૩
આકાશે જો નજર કરૂં તો,
ચંદ્ર સુરજ તેજ દારી. તુજ કુદરત કીરત ન્યારી૦ ૪
તે સર્વે અમ કારણ માટે,
કીધાં તે કિરતારી. તુજ કુદરત કીરત ન્યારી૦ ૫
પશુ પંખી જન જાત જનાવર,
સર્વે તુજ આધારી. તુજ કુદરત કીરત ન્યારી૦ ૬

૪. સરસ્વતી પ્રશસ્તિ.

રાગ કલ્યાણ.

જય સરસ્વતી, શુભ આપજે મતિ,
શિશુ સાથ, જોડી હાથ, વીનવે અતિ;
શિશુકર સૌને શિક્ષા કહુંછું, તે ધરજો સૌ કાન
વિદ્યાધન રૂડા સંગ્રહથી, મેળવશો સન્માન

આ અવસરમાં અભણ મનુષ્ય તે પામર જંતુ પ્રમાણુ.
સદ્ગુણુ ગ્રહિને થાવા ગુણિયલ, ભણુજો વિદ્યા ખાણુ:



૫. બાળ ગીત.

માબાપની આજ્ઞા પાળવા વિષે.

શુંરે થયું ભાઈ શુંરે થયું, આપણી આ રાણુકીને શુંરે થયું. ટેક.
માનો તમે રે માનો તમે, કહ્યું માબાપનું માનો તમે;
ખોળે બેસાડીને ખેલ ખેલાવે, આપે રમકડાં જેવાં ગમે. કહ્યું.
લાડ લડાવે ને ભાવે ભણાવે. પ્રીતે જમાડિને પોતે જમે. કહ્યું.
માબાપ જેવું સગું ન બીજું, આપણું દુઃખ એ બને ખમે. કહ્યું.

૬. ફુલવાડી વિષે.

મનહર છંદ.

જુઓ ફુલવાડી રૂડી ઝાડી છે ધાડી ઝાઝેરી,
નવલ પલ્લવવાળી પ્રમોદ દેનારી છે;
જાઇ જુઈ જૂદી જૂદી, ચંપો ને ચંમેલી વળી,
મોગરાએ મ્હેર કરી, સુવાસ પસારી છે;
ઢોલર ને ડમરો જો કરેણ ને કેતકી આ,
માલતીની મીઠી વાસ દિલ ખુશકારી છે;
ફાલ્યો ફુલ્યો ફુલ ખુબ ગુલાબ ઘણાને ગમ્યો,
વાસ તે ચોપાસ ખાસ કેવી વિસતારી છે. ૧

૭. શિશુ બોધ.

શિખામણ શિશુ સુણો મારી રે, શિખામણ શિશુ સુણો મારી;
સદા વિશાળ નિશાળ દિપાવી, વિદ્યા ભણો સારી.
આનંદથી પાઠ પુરા ભણજોરે, આનંદથી પાઠ પુરા ભણજો;
ભાવ થકી ભૂગોળ ભણીને, સરવાળા ગણજો.
બાદબાકી છે બહુ સારીરે, બાદબાકી છે બહુ સારી;
ગુણાકાર ભાગાકાર ભણીને—ગણો ગણિત ધારી.
કસરત કરી રમત રૂડી રમજોરે, કસરત કરી રમત રૂડી રમજો;
કરી કવાયત પ્યાર થકી પછી, છુટી થયે ઘેર જજો.

૮.

(૨)

ભણો, સૌ, ભણો સૌ, ખરા દિલ ભાવે, એમાંથી અક્કલ આવે.
ચલવો સાચી ચતુરાઇ, તજો ખોટી આપ વડાઇ,
કરો ભણવામાં સરસાઇ, ધરિ હામ, દિપાવો નામ, થશે શુભ કામ;
મ્હેનતુ ફાવે, દઇ માન બધા બોલાવે—— ભણો સૌ.
તજી આળસ વ્હેલા જાગો, પગે માતપિતાને લાગો,
કરિ પાઠ રૂડો જશ માગો સુખ થાય, સકળ દુઃખ જાય, બધા ખુશ થાય
હેત બતલાવે, ઝટ કામ રૂડું ચિત લ્હાવે— ભણો સૌ.

૯. પંખીનું ટોળું.

જુઓ જુઓ પંખીનું ટોળું રમતું રમતું જાયછે.
તરે માછલાં જળમાં જેમ, ઉડે પવનમાં પંખી એમ,
પાંખ બળે તેનાથી તેમ—આકાશે ઉડાયછે, જુઓ૦ ૧
મોટા સૌથી ગરૂડ રાજા, કોય ન લોપે તેની માઝા,
કિલકિલ કરતી કાબર જાય, ચકલી ચાંચે ચબચબ ખાય,

મેના મધુરૂં ગાયન ગાય—જેથી જીવ ખુશ થાયછે, જુઓ૦ ૨
જળકુકડીબાઈ જળમાં પેઠાં, ધ્યાન ધરી બગલાં સૌ બેઠાં,
અંતર મેલું ધોળું અંગ, કરે ન કોઈ તેનો સંગ,
હંસ મોરનો જુઓ રંગ,—સુશોભિત દેખાયછે, જુઓ૦ ૩
કાગડા કાળા કપટી જણાયે, ક્રૂર કપોતની વાણી ગણાએ,
પોપટ બોલે સીતારામ, કાસદિયાં કબૂતર નામ,
આવે છે તે અતિશે કામ—સંદેશા લઈ જાયછે, જુઓ૦ ૪
ટીટોડી જળ ઠામે ફરતી, કૂકડી કુકરે કુકજ કરતી,
જેથી વ્હાણું વાયું ગણાય, દિવસે ઘુડ થકી ન જણાય,
નીલછાના* રૂપમાં ન મણાય,—જેને જન બહુ ચહાયછે. જુઓ૦ ૫
સમડી સંકટમાં નહિ આવે, ચંદ્ર ચકોર બંનેને ફાવે,
કોકીલાનો કંઠ મધુર, સ્વાલ્લો પક્ષી ઉડે દૂર,
જાણ્યાથી વિગત બહુ ઉર,—આનંદથી ઉભરાયછે, જુઓ૦ ૬

૧૦. દિશાઓ વિષે.

ચોપાઇ.

સવારમાં સૂરજ દેખાય, એ દિશા તે પૂર્વ ગણાય;
સાંજ આથમે જે ગમ સૂર, પશ્ચિમ દીશા જાણ જરૂર. ૧
પૂર્વ દિશા સામું મોં કરી, ઉભો રહે તું ધીરજ ધરી;
ડાબા હાથ ભણી તું જાણ, ઉત્તર દિશા તેજ પ્રમાણ. ૨
જમણા હાથ ભણી જે દિશ, દક્ષિણ દિશા તેજ કહીશ;
માથા ઉપર છે આકાશ, પગ નીચે પાતળ પ્રકાશ. ૩

૧૧. ઉંદર વિષે.

મનહર છંદ.

અધધધ ઉંદરો તે આશી ધમાધમ કરે,

* ચાષ (નીલકંઠ). ઉત્તર ગુજરાતમાં નીલછા શબ્દ વપરાયછે.

ડુડુડુડુ ડુડી કાઢી ગઢીમાં ભરાયછે;
ઢબઢબ કરી પછી ઢોળી પાડે ઢાંકેલાંને,
એધાણીએ ઓળખીને ધાન્ય ધારી ખાયછે;
કરડતાં કટકટ જાગું છું હું ઝટપટ,
પકડતાં ચટપટ દૂર દોડી જાયછે;
એઠાં બિલ્લીબાઈ બ્હાર, બોલાવીને જુઓ તમે,
કેવા નટખટી ભાઇ નરમ જણાયછે. ૯

૧૨. નિશાળે આવવા વિષે.

શિખરિણી છંદ.

અરે શિષ્યો શાણા, સરસ શીખ આજે ઉર ધરો,
સદા સેવી શાળા, નીતિ નિયમથી કાર્યજ કરો;
વદી સત્યે નિત્યે, પરમ પરમાર્થી ચિત ચહો,
સુવિદ્યા લીધાનું, સરસ ફળ એને નકિ કહો. ૧

૧૩

(૨)

દ્વાર સૌ આર્યો, ચાલો જગદંબાને દ્વાર—એ ટેક.

યાર સૌ પ્યાર ધરી, શાળા સેવો સુખકાર નિત્ય નિયમિત નિશાળે જઇએ,
ગેરહાજર વળિ, કદાપિ ન રહીએ, શિશુ સુણો શિક્ષા આ સાર. યાર૦
શિક્ષક કેરૂં સન્માન રાખી સુઘડ કેળવણીનું ફળ ચાખી
દાખી ડહાપણ દેદાર— યાર સૌ પ્યાર૦
સદ્ગુણ સાહીને દુર્ગુણ દાહી સદ્‌વિદ્યાને ચિત્તમાં ચાહી
થાઓ મહાજન તૈયાર— યાર સૌ પ્યાર૦

૧૪. બાવાજીની બોરડી.

છોકરાં—મિત્ર માહરા, બોર તો ખાઇએ, બોરડી બાવાજી કેરી—
આપણે જઇએ,

ફેરી ફરવા ગયોછે બાવો, લાવો સૌને સાથ,
કાચાં પાકાં બોરાં ખાવા, ઝાલી ચાલો હાથ—મિત્ર૦
રાતાં રાતાં પાકાં બોરાં, લટકયાં અપરંપાર
મિત્રો મુકો મુખમાં તોડી, ઝટાઝટ આ વાર—— મિત્ર૦
બાવો૦—ઉભા રહો બોરાં ખાનારા, લઉછું હાલ તમારી ભાળ,
મારૂં લપ્પડ થપ્પડ મોટી, બોર બચાવું હાલ— મિત્ર૦
છોકરાં—નાસો નાસો અરે બંધુઓ, બાવો ઓ આવ્યો વિકરાળ
મારી બોરકુટો કરશે એ, ચાલે વિપરીત ચાલ— મિત્ર૦

૧૫. આનંદની ગરબી.

(ખાસ કન્યાઓ માટે—ઘુમીને ગાવી.)

" ચાલ ગાગર, ચાલ ગાગર, જમનાં રે જઇરે "—એ રાગ.

આજની ઘડી ભલી ઇશ્વરે આપી, રંગભેર રાગ અલાપીરે. ઘુમનારી ઘુમો. ૧
ગાઇએ ગીત મીઠાં મીઠાં મન માન્યાં, તનનન લેઇને તાનાંરે. ઘુમનારી ઘુમો. ૨
ભેર ભુંગળ વાજાં ભલાં વાજે, ગગનમાં જેમ ઘન ગાજેરે. ઘુમનારી ઘુમો. ૩
આજ ખુશીનો રત્નાકર રેલ્યો, ખુશીથી ખાંતે ખાંતે ખેલોરે. ઘુમનારી ઘુમો. ૪
તાનમાં તાનમાં પાડીએ તાળી, આવો રાજવણ રંઢવાળીરે. ઘુમનારી ઘુમો. ૫
રમિ રમિ રંગભેર રંગથીરે રાચો, થનગ થેઇ થેઇ નાચોરે. ઘુમનારી ઘુમો. ૬
ચળક ચળક કેવી ચાંદનીરે ચમકે, ઘમઘમ ઘુઘરા ઘમકેરે. ઘુમનારી ઘુમો. ૭
હોંશે હોંશે હૈડાનો હરખ દેખાડો, દે પ્રભુ રોજ આવો દહાડોરે. ઘુમનારી ઘુમો. ૮
ધામ આગળ ધામધૂમ મચાવો, લાખેણો લાહ્યો લ્હાવોરે. ઘુમનારી ઘુમો. ૯
ખેલતાં ખાંત આજ રાખવી ન ઉણી, સાંભળો સૈયર સલુણીરે. ઘુમનારી ઘુમો. ૧૦
આજ અતિશે થયો આનંદ ઉમેરો, પાડ માનીએ પ્રભુજી કેરોરે. ઘુમનારી ઘુમો. ૧૧
મળિ મળિ હેતથી આ રીતથી રમીજે, દલપતનો દેવ રીઝેરે. ઘુમનારી ઘુમો ૧૨

૧૬. દોરી ગુંથવા વિષે.

ચઇએ સર્વે ભાઇ દોરી ગુંથવાને તૈયાર (૨)
પોત પોતાના મનથી કરીને, બબ્બેની જોડ થાઓ ચાર,
ચાર સર્વ ભાઇ—દોરી.
સામ સામી બે જોડીમાંથી એક, નીકળતાં ન કરો વાર,
વાર સર્વ ભાઈ—દોરી.
ચોકડીની જાળી જેવી ગુંથાયે, તેમ ફરો અંદર ને બ્હાર,
બ્હાર સર્વ ભાઈ—દોરી.
સરખીરે જોડીઓ વારાફરતી, ચાલો થઇ હુશિયાર,
યાર સર્વ ભાઇ—દોરી.
જાળી હવે તો પૂરી ગુંથાય, માટે છોડો નિરધાર,
ધાર સર્વ ભાઈ—દોરી.

૧૭. સરોવર વિષે.

(અમન ચમન નમન નમન નમન સાથ નોકરી) એ રાહ.

જો તળાવ આ નિરાળી, ઝાડની ઝુકી ઘટા
સરસ પવન સાથ કેવી—ઝાડની.
પાણીના તરંગ આવે, રંગ રૂપેરી બતાવે
કમલ હસી મન પસેછે આસપાસ શી છટા !—સરસ૦ જો૦
ફરતી પાળ બાંધી સારી, બેઠકોની બ્હાર ન્યારી !
આવેછે સુગંધ અતિ, ખીલ્યાં ફુલ સામટાં—સરસ૦ જો૦

૧૮. પૃથ્વી વિષે.

નારંગી જેવી છે જાણો, પૃથ્વી ગોળાકાર;

સૂરજની ચોમેર ફરે એ, થોભે નહીં લગાર.
એ રીતે ફરવાથી નક્કી, રાત્રિ દિવસ થાય;
ઉત્તર દક્ષિણ બે બાજુએ, ચપટી એ કહેવાય.
નદી સરોવર મહાસાગરો, બેટ દેશ ઘણાક;
ઝાડ પાન ને પશુ પક્ષીઓ, જન ત્યાં હોય અથાગ.
સર્વ વસ્તુને માત્ર એક છે, પૃથ્વીનો આધાર;
એ પૃથ્વીના કર્ત્તાને હું વંદુ વારંવાર.

૧૯. કુરકુરિયાં જોડે રમત.

આખો વર્ગ—કુરકુરિયાં કેવાં ! જુઓ આ કુરકુરિયાં કેવાં !
નાચી કૂદી ગેલ કરેછે, કુરકુરિયાં કેવાં ! (બે વાર)
એક બાળક—એક જુઓ આથમણું નાઠું, બીજું પાછળ જાય,
લદે વઢે ને ભસે તોય પણ, પાછાં ભેગાં થાય. કુરકુરિયાં. ૧
બીજું બાળક—એક પડ્યું બીજાને માથે, ત્રીજું દોડે આમ !
એક પૂછડા અહીં હલાવે, મોતી એનું નામ. કુરકુરિયાં. ૨
ત્રીજું બાળક—ચાલો પાઇએ દૂધ આપણે, એક એક લઈ હાથ,
પેટ ભરાશે તોજ રમતએ, રમશે સૌની સાથ. કુરકુરિયાં. ૩

૨૦. બાલ કસરત.

આવોરે છોકરાં કસરત કરીએ, રાજી થઇએ ને ભેગા રમીએ આ૦
એક બોલતાં ઉભા થઇએ, બીજે હાથ ઊંચો કરીએ. આ૦
ત્રણે ઊંચા બંને હાથ, ચાર કહેતાં સીધાં ફરીએ. આ૦
પાંચે બંને કાને હાથ, છ સુણતાં તો ખભે અડીએ. આ૦
સાત બોલતાં કેડે હાથ, આઠ સૂણી નીચા મૂકીએ. આ૦
નવ વદંતાં અદબ કરીને, દશે પાછા બેસી જઇએ. આ૦

૨૧. સરસ્વતીની સ્તુતિ.

(અંગ્રેજી ગઝેલ.)

મંગળકર ભવભય હર જય સરસ્વતી (ટેક)
સ્તવન આ સ્વીકાર, માતુ શારદા સતી— મંગળકર૦
સ્ફટિક શુભ શ્વેત અંબર સંગ શોભતાં,
અંગપર નવીન રંગે માજી ઓપતાં,
મયુરપર બિરાજી મુખે વેદ બોલતાં,
હરિયે, તરિયે, સ્મરિયે,
સુખકારી, દુઃખહારી, જયકારી, સ્તુતિ આરતી–મંગળકર૦ ૧
બાળક અજ્ઞાન અમે સદા વિનવીએ,
રહીએ સદાચરણુ હમેશ એટલું માગીએ,
માટે સહાય થઇ સદા દુઃખ નિવારીએ,
કાપો, તાપો, સ્થાપો,
શુભરીતિ શુદ્ધરીતિ, શિશુકીર્તિ, એહ વિનતી,–મંગળકર૦ ૨
શિશુ સમાજ વિદ્યા કાજ આ સ્થળે મળી,
વિઘ્ની સર્વ ભસ્મ થજો તેહનાં બળી,
કુકર્મ કુવિચાર ને કુસંપ જજો ટળી,
બુદ્ધિ, સમૃદ્ધિ, વૃદ્ધિ,
જય પામો, દુઃખ વામો, કરી નામો, સ્તુત્ય હે હરિ–મંગળકર૦ ૩

૨૨

(૨)

સૌ આવો, ગુણ ગાઓ હળિ મળિ ખુશી ખુશી થઇને અપાર, એ ટેક.
આ દુનિયામાં દેવી દયાળુ આદ્ય સરસ્વતી માત,
છબિ સારી, સુખકારી, દુઃખ હારી, ભય વારી
રક્ષણ કરે સઘ વારુ ધરે, જીન્હાએ બ્રહ્મકુમાર. સૌ આવો૦

હંસવાહિની, બ્રહ્મચારિણી, વીણાધારી માત.
ના પ્રતાપે, ટળે તાપે, જશ વ્યાપે,
તન મન ધન અરલી સેવો સૌ, સરસ્વતી શ્રીકાર. સૌ આવો૦



૨૩. શ્રી સયાજી પ્રશંસા.

બહુ થયો આભાર, સયાજીનો બહુ થયો આભાર.
ગુણવંતા ભુપ બેસી ગાદી પર, પ્રજા કરી સુખવાન;
વિદ્યાવાન ને ગુણવાન કીધી, વળી ધનવાન મતિમાન. સયાજી૦
ઔષધશાળા વિદ્યાશાળા, પ્રજાજનો સુખકાજ;
નિર્મળ ન્યાયે નિર્મળ નિયમે ઉત્તમ સુધર્યું રાજ. સયાજી૦
નહોતી જ્યારે કેળવણી જનમાં, હતા ઘણા અજ્ઞાન;
હવે સર્વ કેળવણી લઇને, થયા ઘણા ગુણવાન. સયાજી૦
પ્રજા કેળવણી સારી લેછે, હોંશે હોંશે દિલહામ;
ગુજરાતી અંગ્રેજી શાળાથી, સુધર્યા જનનાં કામ. સયાજી૦
વિદ્યાદેવી વગર સૌને, હતું અજ્ઞાનનું દુઃખ;
ગાયકવાડી સૌ રૈયતને, આપ્યું અનુપમ સુખ. સયાજી૦
નૃપ સુભગ શ્રીમાન સયાજી, વડોદરાના રાય;
અખુટ રિદ્ધિ સિદ્ધિ પામો, અમર તપો જગમાંય. સયાજી૦

(૨)

૨૪. રાગ ઝીંઝોટી લાવણી.

ગુણવંત સયાજી રાજે એ કરેછે રૂડાં કાજે,

રત્નાકરે રત્ન દીધાં, કેળવણી ઉપર ભાવ કીધા.
બુદ્ધિ બળે સુધાર્યો દેશ આજે, એ કરેછે રૂડાં કાજે.
માબાપે પુત્ર લાડ પાળ્યાં,
તેવી રીતે અમે જ્ઞાન બાળ્યાં,
વિદ્યાનાં દુઃખ સૌ ટાળ્યાં,
હું કહું નમીને નાથ, સયાજી કુળ સાથ, સુખીતો કર આજે— એ.
છોટી વયે દેશ સુધારી,
લોકોમાં વિદ્યા પ્રસારી,
અજ્ઞાનની કાઢી છારી,
લાંબી ઉમર આપ, કષ્ટ પ્રભુ કાપ, સયાજીનું આજે— એ
વિદ્યા વિના હતા અજ્ઞાન,
તે લોકોને આવ્યું પણ ભાન,
ગાય સયાજીના ગુણગાન,
એમાં નથી પ્રભુ કાંઈ ભૂલ, કામ અનમૂલ, જોયાં તો મેં આજે—એ.
પ્રજા કેરાં હિત વધારી,
બહુ કામ કર્યા છે ભારી,
જેથી પસરી કીર્તિસારી,
પ્રભુ તું આપ, અખુટ ભંડાર, ધારેલું પુરૂં પાડ, સયાજીનું આજે—એ.
પ્રભુ એમના દોષ સૌ સ્હેજો,
હમેશાં સાથે રે'જો,
વાંકી વેળાએ બાળજ લેજો,
અમો છિયે ઘણા અજ્ઞાન, નથી કાંઈ સાન, ગાયાછે ગુણ આજે—એ.

૨૫. નારાચછંદ.

સયાજીનો પ્રતાપ જોઈ રાજી સર્વ સજ્જનો,
વિવિધ ગુણ ગાય સર્વે થાયછે પ્રજાજનો;

અનીતિને ઉથાપિ નીતિ સ્થાપિ ઠામઠામમાં,
વધાર્યું જ્ઞાન સ્થાપિને નિશાળ ગામ ગામમાં. ૧
અહો પ્રભુ આ બાળકોની અર્જ ઉર ધારીને,
પ્રજા તણો સુભાવ રાય ઉપરે વધારિને;
દિને દિને તું મૂક પ્રેરણા વિશેષ અંતરે,
સયાજી ભૂપ દીર્ઘ કાળ રાજ્ય ભૂમિમાં કરે. ૨

૨૬. ભૂજંગી.

રૂડી રાજનીતિ તણો પંથ ધારી, કુધારો હણીને સુધારો વધારી;
ભણાવી ગણાવી પ્રજા કીધી તાજી, રહો શ્રી સયાજી સદા રાજી રાજી.

૨૭. ઉપજાતિ.

પામો સદા વૃદ્ધિ સુવંશ કેરી, અખંડ કીર્તિ પ્રસરો ભલેરી;
પવિત્રતા વંશ વિષે તમારી, રહો યુગો યુગ સદૈવ સારી.

૨૮. (કન્યાઓ માટે.)

રાગ સાખી.

આજે સુંદર દિવસ સોહામણોરે,
રમિયે આનંદથી હળિમળિ બેનો સાથ,
તાળી પ્રીતેશું આપોને હાવ ભાવથીરે— ૧
મહારાજા પધારીઆ, સકળ ગુણનિધાન,
વિદ્યોત્તેજક છે વળી આપે વિદ્યાદાન,
હાર પુષ્પના આરોપો હેતે કરીરે. રમીએ૦ ૨
વિનવે બાળાઓ સહુ, આપો પ્રજાને સુખ,
આપ દયાનિધિ વળી કાપો સૌનાં દુઃખ,
એમ ઉચરિયે અમે સૌ બેનો મળીરે. રમીએ૦ ૩
નૌતમ શોભા શી બની આજ સમાજની માંહે,

રચના સુંદર બહુ થઇ સર્વે આનંદિત થાય,
રાય સયાજી નિહાળું ફરી ફરીરે.
હે ઈશ સયાજી રાયને, સહાય થજે તું સદાય,
સંહાર કરજે શત્રુનો, જેથી ન ભીતિ ભળાય,
પામો વિજય કામો કામ કરીરે.

૨૯. સંભાષણ.

રાગ ધનાશ્રી.

(મોતીલાલ અને કાળીદાસ વચ્ચે)

મોતી— નિશાળે તું ચાલ, પ્યારા ભાઇ ભણવાને તું ચાલ;
કાળી— નહિ આવું નિશાળ, જા જા હું તો નહિ આવું નિશાળ.
મોતી— અહર્નિશ તું રખડ્યાં કરેછે, થગા તેથી બેહાલ. પ્યારા૦
કાળી— જાવા દે તું મુજને રમવા, રાહ જોતા હશે બાળ. જા જા૦
મોતી— નિશદિન તું રમતોજ ફરેછે, નથી એમા કંઇ માલ. પ્યારા૦
કાળી— રમવાથી મન મગ્ન રહેછે, ભણ્યે ઉપજે ઝાળ. જા જા૦
મોતી— ઔષધ પેરે જાણુ સુવિદ્યા, અંતે કરેછે ન્યાલ. પ્યારા
કાળી— ન્યાલ કરેછે કેમ સુવિદ્યા, તેનો બતાવ તું ખ્યાલ. જા જા
મોતી— સુવિદ્યાથી લાજ મર્યાદા, નીતિ વિવેક સુચાલ. પ્યારા
ધૈર્ય અને સંતોષ સુહાવે, નમ્રતા તું નિહાળ. પ્યારા
આ ભવ ને વળિ પેલા ભવના અઘ ટાળે તતકાળ. પ્યારા
કાળી— નિશાળમાં બહુ માર પડેછે, અંગે ઉઠે જવાળ. જા જા
મોતી— વાંક વગર મહેતાજી ન મારે, તેનો કર તું ખ્યાલ. પ્યારા
કાળી— આવુંછું નિશાળ પ્યારા બંધુ આવું છું નિશાળ,
ઉપકાર માનુંછું હું તારો, બદલો અપાવે જગપાળ. પ્યારા

સમાપ્ત.